# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત, (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902,
Email Id:suratdeo@gmail.com

आज़ादी का अमृत महोत्सव

જા.નં/મા-૩/પુરા પગાર/૨૦૨૧/૧૬૨૭૭-૭૯ તા.૧૦/૧૨/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ
તમામ જિ.સુરત.

**વિષય :-** શિ.સહાયકોને પુરા પગારમાં સમાવવાની દરખાસ્ત રજૂ કરવા બાબત.

**સંદર્ભ :-** કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/૨૧૦૪૨-૭૫, તા.૦૯.૧૨.૨૦૨૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર મુજબ અત્રેના જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૬માં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીયકૃત્ત ભરતી પ્રક્રિયા અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી હતી. જેમના હાલ પાંચ વર્ષ પૂર્ણ થવાના હોઈ જે અન્વયે જે શિક્ષણ સહાયકના **તા.૨૫/૧૨/૨૦૨૧ સુધીમાં પાંચ વર્ષ** પૂર્ણ થયેલ હોઈ તેવા શિક્ષણ સહાયકોને પુરા પગારમાં સમાવવાની દરખાસ્ત નીચે જણાવેલ સ્થળ, તારીખે દરખાસ્ત સાથે સંબંધિત શાળાના જવાબદાર કર્મચારીએ હાજર રહેવાનું રહેશે.

**નોંધ :-** (તા.૧૫.૧૨.૨૦૨૧ના રોજ માન.સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને રાખેલ મીટીંગમાં સુચના મળ્યેથી ચેકલીસ્ટ તથા દરખાસ્ત પત્રકો પરીપત્ર દ્વારા આપને જાણ કરવામાં આવશે.)

| ક્રમ | કેમ્પમાં હાજર રહેવાની તારીખ | કેમ્પનું સ્થળ |
|---|---|---|
| ૧ | ૨૯/૧૨/૨૦૨૧ – બુધવાર | શ્રીમતી એલ.એન.બી.દાળિયા હાઈસ્કુલ, અડાજણ, સુરત. |
| ૨ | ૩૧/૧૨/૨૦૨૧ – શુક્રવાર | શ્રી એમ.બી.વામદોત સાર્વજનિક હાઈસ્કુલ, બારડોલી, સુરત. |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

**નકલ રવાના તથા કાર્યવાહી કરવા સારૂ :-**

- આચાર્યશ્રી, શ્રીમતી એલ.એન.બી.દાળિયા હાઈસ્કુલ, અડાજણ, સુરત.
- આચાર્યશ્રી, શ્રી એમ.બી.વામદોત સાર્વજનિક હાઈસ્કુલ, સરદાર બાગ, બારડોલી, સુરત.

Scanned with CamScanner